# એમ.ફિલ., પીએચ.ડી. પરીક્ષા માટેની અગત્યની સૂચના

1. દરેક ઉમેદવારને પરીક્ષા વિભાગ તરફથી પ્રવેશ પરીક્ષા માટે ઓળખપત્ર (હોલ ટિકિટ) આપેલું છે. જો કોઈ કારણસર કોઈ ઉમેદવાર પાસે આ ઓળખપત્ર ના હોય તો અન્ય ઓળખપત્ર જેમ કે ડ્રાઈવિંગ લાઇસન્સ, વોટર આઈડી, સંસ્થાનું/ઓફિસનું ઓળખપત્ર વ. દ્વારા પ્રવેશખંડમાં પ્રવેશ મેળવી શકશે.
2. પ્રશ્નપત્ર તથા ઉત્તરવહીમાં દર્શાવેલી જગ્યાએ પરીક્ષાર્થીએ પોતાનો પરીક્ષાક્રમ લખવો. હોલટિકિટ પરનો ક્રમ એ અરજીક્રમ છે, પરીક્ષાક્રમ અલગ છે.
3. **પ્રશ્ન ક્રમ-1 ના જવાબો માટે પ્રશ્નપત્રમાં જ સાચા જવાબ પર ટિક કરવાની છે અને પ્રશ્નપત્ર ઉત્તરવહી સાથે જોડીને પરત કરવાનું છે.**
4. કસોટીના સમયગાળા દરમ્યાન કોઈ પરીક્ષાર્થી પરીક્ષાખંડમાંથી બહાર નીકળી શકશે નહીં.
5. પહેલા દોઢ કલાકમાં ગાંધીવિચાર આધારિત કસોટી અને પછીના દોઢ કલાકમાં જે તે વિષય આધારિત સંશોધન સજ્જતાની એમ, ત્રણ કલાકમાં એક સાથે બન્ને પરીક્ષા આપવાની છે.
6. જે પરીક્ષાર્થીઓ નેટ-સેટ-જેઆરએફ છે અને તેમના અરજીપત્રમાં તેમણે વિષય આધારિત સંશોધન સજ્જતા પરીક્ષામાંથી મુક્તિ માંગી છે માત્ર તેવા જ પરીક્ષાર્થીઓ ગાંધીવિચારની પરીક્ષા આપીને જશે.
7. અન્ય બાબતોની જાણકારી માહિતીપત્રમાં અગાઉ આપી છે તે ફરી વાર જોઈ લેવા વિનંતી છે, આ માહિતીપત્ર વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
8. પરીક્ષાના પરિણામ અને પ્રવેશ સંબંધિત માહિતી ઇ-મેલ દ્વારા આપવામાં આવશે તથા વેબસાઇટ www.gujaratvidyapith.org પર મૂકવામાં આવશે, તેથી ફોન દ્વારા પૂછપરછ ન કરવા વિનંતી.